JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in


માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ છઠ મંગળવાર ૪ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૧ પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


## ભાજપ પ્રમુખ નીતિન નબીનના રાજીનામાથી ખાલી પડેલી બાંકીપુરા બેઠકની પેટા ચૂંટણી

# ભાજપના ગઢ જેવી બિહારની બેઠક પ્રશાંત કિશોરે આંચકી

**સતત** ત્રણ દાયકાથી જેના પર ભાજપનો કબજો હતો તે બેઠક મોટા માર્જીનથી જીતીને પ્રશાંત કિશોરે ઇતિહાસ રચ્યો

**64151** મત મેળવી કિશોરે ભાજપના નીરજ કુમારને 19,324 મતથી હરાવતા જન સુરાજ પાર્ટીને પ્રથમ ચૂંટણી વિજય મળ્યો

**પટના, તા. 3:** જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે સોમવારે બિહારની પ્રતિષ્ઠિત બાંકીપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જીતીને એક ઐતિહાસિક સસંસદીય ઈનિંગ્સની શરૂઆત કરી છે. આ જીત સાથે તેમણે ભાજપને મોટો આંચકો આપ્યો છે, જેણે 1995થી આ બેઠક પર કબ્જો જાળવી રાખ્યો હતો. દેશભરમાં જન ઝેડ દ્વારા કરવામાં આવેલા મોટા વિરોધ પ્રદર્શનોના થોડા જ દિવસો બાદ આવેલી આ હાર ભાજપ માટે વધુ આકરી સાબિત થઈ છે, કારણ કે આ બેઠક છેલ્લે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નબીન પાસે હતી. રાજ્યભસામાં

...અનુસંધાન પાના 13 પર



### પ્રશાંત કિશોરનો કોઇ સાથે ગઠબંધનનો ઇન્કાર

**પટના :** જન સુરાજ પાર્ટીના સંસ્થાપક પ્રશાંત કિશોરે સોમવારે કોઈ પણ રાજકીય ગઠબંધનમાં જોડાવાની શક્યતાઓને નકારી કાઢી હતી. તેમણે દાવો કર્યો હતો કે બાંકિપુર વિધાનસભા પેટાચૂંટણીમાં તેમની જીત ભાજપ, કોંગ્રેસ અને આરજેડીના નારાજ સમર્થકોના સાથ-સહકારથી શક્ય બની હતી, જ્યારે 'જેન ઝી' વિરોધ પ્રદર્શનોએ પણ આમાં ભૂમિકા ભજવી હોઈ શકે છે. પોતાની પ્રથમ ચૂંટણીમાં ભાજપના આ ગઢ પર કબજો જમાવનાર કિશોરે એવો પણ દાવો કર્યો હતો કે આ મતદાન મુખ્યત્વે બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી વિરુદ્ધ

...અનુસંધાન પાના 13 પર

### આ ભાજપના અંતની શરૂઆત: વિપક્ષો

**નવી દિલ્હી :** બિહારના બાંકિપુરમાં, જ્યાં જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે શાસક પક્ષના પ્રમુખ નિતિન નબીન દ્વારા ખાલી કરવામાં આવેલી બેઠક આંચકી લીધી હતી, તેમજ મધ્યપ્રદેશના દતિયામાં ભાજપને સોમવારે વિધાનસભા પેટાચૂંટણીમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો તે પરિણામે વિપક્ષને નવું હથિયાર આપ્યું હતું, જેણે આ જીતને તાત્કાલિક ભગવા પક્ષના "અંતની શરૂઆત" ગણાવી હતી. વિપક્ષે દાવો કર્યો હતો કે આ પરિણામ પેપર લીક સામે વિદ્યાર્થીઓના વિરોધ, રામ મંદિર દાનની ચોરી અને E20 પેટ્રોલના અમલીકરણ જેવા મુદ્દાઓને

...અનુસંધાન પાના 13 પર

# ગ્લાસગો CWG સમાપન, ફ્લેગ-બેટન ભારતને સોંપાયા






**કોમનવેલ્થ** ગેમ્સ 2030ની યજમાની માટે સ્કોટલેન્ડના અધિકારીઓએ ફ્લેગ-બેટન નીરજ ચોપરા, પીટી ઉષા અને હર્ષ સંઘવીને સોંપ્યા

**ગુજરાતના** નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 2030ની CWGમાં એક્સેસિબિલિટી અને સસ્ટેનેબિલિટીના નવા ધોરણો સ્થાપવાનો દાવો

**ગ્લાસગો, તા. 02 (PTI) :** ગ્લાસગો ખાતે 11 દિવસ સુધી ચાલેલી કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહમાં સીજીએફ ફ્લેગ અને બેટન આગામી યજમાન દેશ ભારતને સોંપવામાં આવ્યા હતા. રવિવારે મોડી રાત્રે યોજાયેલા ભવ્ય સમારોહમાં સ્કોટલેન્ડના અધિકારીઓએ ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરા, આઇઓએ પ્રમુખ પી ટી ઉષા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને આ ફ્લેગ અને બેટન સુપ્રત કર્યા હતા. આ પ્રસંગે સ્કોટલેન્ડ અને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને સંગીતની જુગલબંધી રજૂ કરવામાં આવી હતી. ભારતીય દળે આ ગેમ્સમાં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ જીતીને ચોથું સ્થાન મેળવ્યું છે. નવી દિલ્હીમાં 2010ની ગેમ્સ બાદ હવે 2030માં અમદાવાદ શતાબ્દી સંસ્કરણની યજમાની કરશે, જેનાથી ભારત ઓસ્ટ્રેલિયા પછી એકથી વધુ વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરનારો બીજો દેશ બનશે. આ અંગે ગ્લાસગોમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને રમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે 2030ની અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ ખાસ કરીને દિવ્યાંગ એથ્લેટ્સ માટે સુગમતા અને પર્યાવરણીય ટકાઉપણા ક્ષેત્રે નવા માનદંડો સ્થાપિત કરશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અમદાવાદ પાસે હાલમાં પણ ગેમ્સ યોજવા માટે પૂરતું માળખું ઉપલબ્ધ છે અને માત્ર 20 ટકા જેટલા હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા-વધારા કરીને પણ આયોજન થઈ શકે તેમ છે. આ સિવાય, શહેરમાં

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી ડાયરી



### પપ્પુ યાદવનો નાટ્યાત્મક શૈલીમાં વિરોધથી વિવાદ

બિહારના 'બાહુબલી' અપક્ષ સાંસદ પપ્પુ યાદવ, જેઓ પોતાના કદ-કાઠી, નાટ્યાત્મક શૈલી અને પોતાના દમ પર વારંવાર લોકસભામાં ચૂંટાઇ આવવાની અદભુત ક્ષમતા માટે જાણીતા છે, તેમને પોતાના જ કૃત્યનો સ્વાદ ચાખવા મળ્યો હોય તેવું લાગે છે. આ પરિણામ તેમના નાટ્યાત્મક વિરોધના શોખનું સીધું પરિણામ છે, જેના દ્વારા તેમણે શાસક ભાજપના એક નારાજ સમર્થકનો રોષ વહોરી લીધો. અયોધ્યાના રામ મંદિરમાં 'દાન ચોરી' કૌભાંડને ઉજાગર કરવા માટે વિરોધની એક નવી રીત અપનાવતા, યાદવ ભગવા વસ્ત્ર અને મુગટ પહેરીને (ભગવાન રામનું રૂપ ધારણ કરીને) સંસદ ભવન આવ્યા અને દાનપેટી લઈને પરિસરમાં બેસી ગયા. આનાથી સાંસદોમાં ભારે ઉત્સુકતા જાગી, જે લોકો દાન આપવા માટે આગળ આવ્યા, પરંતુ યાદવ તે દાન ઝૂંટવીને પોતાના ખિસ્સામાં મૂકી રહ્યા હતા. જોકે, આ તો વીકએન્ડ માટે સંસદ સ્થગિત થતાં પહેલાંનો પ્રથમ અંક હતો. બીજો અંક હજી આવવાનો બાકી હતો અને તે રવિવારે બન્યો જ્યારે તેમણે દિલ્હીમાં તેમના સાંસદ નિવાસસ્થાને પત્રકાર પરિષદ

...અનુસંધાન પાના 13 પર

# MPની દતિયા બેઠક કોંગ્રેસે અને વડોદરાની માંજલપુર બેઠક ભાજપે જાળવી

**દતિયા, વડોદરા, તા. 3 :** વરિષ્ઠ નેતા નરોત્તમ મિશ્રાને ટિકિટ ન મળ્યા બાદ કેસરી છાવણીમાં ઊભા થયેલા મતભેદો અને વિદ્યાર્થીઓના આંદોલન વચ્ચે યોજાયેલી પેટાચૂંટણીમાં સોમવારે કોંગ્રેસે દતિયા વિધાનસભા બેઠક જાળવી રાખી છે. કોંગ્રેસના ઘનશ્યામ સિંહે તેમના નજીકના હરીફ ભાજપના આશુતોષ તિવારીને 6,016 મતોથી પરાજય આપ્યો હતો. જ્યારે ગુજરાતના વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક ભાજપે જાળવી રાખી છે.

કોંગ્રેસના નેતાઓએ આ જીતને દેશના વિદ્યાર્થીઓ અને અન્ય વર્ગોમાં આવેલી "જાગૃતિ" સાથે જોડી હતી અને તેને "ભાજપના શાસનના અંતની શરૂઆત" ગણાવી હતી. દતિયાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સ્વપ્નિલ વાનખેડેએ પીટીઆઈને જણાવ્યું હતું કે, તમામ 15 રાઉન્ડની મતગણતરીના અંતે ઘનશ્યામ સિંહને 66,757 મત મળ્યા હતા, જ્યારે તિવારીને 60,741 મત મળ્યા હતા. આઝાદ સમાજ પાર્ટીના ઉમેદવાર દામોદર યાદવ 22,527 મત મેળવીને ત્રીજા સ્થાને રહ્યા હતા. ઘનશ્યામ સિંહ અને આશુતોષ તિવારી સહિત કુલ 21 ઉમેદવારો મેદાનમાં હતા. વડોદરાની માંજલપુર બેઠક પર ભાજપના ઉમેદવાર સતિષ પટેલે 30,499 મતની લીડ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીને કુલ 24,585 મત મળ્યા હતા. આ જીત સાથે ભાજપે માંજલપુર બેઠક પર પોતાનો દબદબો યથાવત્ રાખ્યો છે. ભીખા રબારીએ આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પહેલા ભાજપે અહીં ભયનો માહોલ ઉભો કર્યો હતો. એક સમયે તિવારી પર સિંહની 12,607 મતોની સરસાઈ અજેય લાગતી હતી, પરંતુ ભાજપના ઉમેદવાર છેલ્લા રાઉન્ડમાં આ અંતરને અમુક અંશે ઘટાડવામાં સફળ રહ્યા હતા. દિલ્હીની એક કોર્ટે

...અનુસંધાન પાના 13 પર

## વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા પરના પોલીસ દમનની અરજીઓ પર સુનાવણી

# વિદ્યાર્થીઓ સામેની FIR પાછી ખેંચવા રાજ્યો સ્વતંત્ર : સુપ્રીમ

**સર્વોચ્ચ** અદાલતે 'ગુનાહિત ઇતિહાસ' શબ્દને ગંભીર અને જઘન્ય ગુના સંદર્ભમાં જ ગણવામાં આવે તેમ પણ જણાવ્યું

**ગંભીર** ગુનાઇત ભૂતકાળ ધરાવતા 2700થી વધુ લોકો સામે નોંધાયેલી FIR પાછી નહીં ખેંચાય : સોલિસિટર જનરલ

**નવી દિલ્હી, 3 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે સ્પષ્ટતા કરી હતી કે વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને મુક્ત કરવા અંગેના તેના આદેશમાં ગુનાહિત ઈતિહાસ શબ્દનો સંદર્ભ માત્ર ગંભીર અને જઘન્ય અપરાધોમાં સંકળાયેલા લોકો માટે જ હતો. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યો કાયદા અનુસાર બાકીના વિદ્યાર્થીઓ સામેની એફઆઈઆર બંધ કરવા અથવા પરત ખેંચવા માટે સ્વતંત્ર છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સોમવારે કહ્યું, સરકાર પોતાના વચન પર અડગ છે. વિદ્યાર્થીઓ સામે કોઈ FIR નહીં થાય. જો કે સાથે જ મહેતાએ એમ પણ કહ્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન ગંભીર ગુનાહિત ભૂતકાળ ધરાવતા 2700 થી વધુ લોકો સામે જે એફઆઈઆર નોંધાયેલી છે તે પાછી ખેંચવામાં આવશે નહીં. આ તરફ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે નીટ પેપર લીકનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે નહીં. આ સ્પષ્ટતા ત્યારે આવી જ્યારે કેન્દ્ર સરકારે રજૂઆત કરી હતી કે NEET પરીક્ષાના પેપર લીક વિરોધ પ્રદર્શનમાં (જેમાં 20 જુલાઈના રોજ દિલ્હીમાં કરવામાં આવેલી પાર્લામેન્ટ માર્ચ પણ સામેલ છે) ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામેની એફઆઈઆર આગળ ન ચલાવવા અંગે તે ગંભીર છે, શરત માત્ર એટલી કે તેમની સામે કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોવો જોઈએ. કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા કરવામાં આવેલા આંદોલન દરમિયાન વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સામે પોલીસ દમનનો આરોપ લગાવતી અરજીઓ પર સીજેઆઈ સૂર્ય કાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી તથા વી મોહનાની બનેલી બેંચ સુનાવણી કરી રહી હતી. પીઠે જણાવ્યું કે, એ સ્પષ્ટ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી અને અન્ય કોઈપણ રાજ્ય પ્રદર્શનકારીઓ સામેની FIR બંધ કરવા અથવા પાછી ખેંચવા માટે સ્વતંત્ર રહેશે... 'ગુનાહિત ઈતિહાસ' શબ્દને ગંભીર અને જઘન્ય ગુના તરીકે વાંચવામાં

...અનુસંધાન પાના 13 પર

# મોદીનો વીડિયો હટાવવા બદલ ઝુકરબર્ગ પોતે માફી માગે : IT સમિતિ વડા

**આઇટી** પરની સંસદીય સમિતિએ ત્રણ કલાક ચાલેલી બેઠકમાં મેટાના પ્રતિનિધિઓની પૂછપરછ કરી, દસ દિવસમાં લેખિત જવાબ આપવા કહ્યું

**સમિતિના** વડા નિશિકાંત દુબેએ કહ્યું કે ફેસબુકના માલિક ઝુકરબર્ગની માનસિકતા ભારતને અસ્થિર કરવાની છે

**નવી દિલ્હી, તા. 3 (PTI):** માહિતી ટેકનોલોજી(IT) પરની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ સોમવારે જણાવ્યું હતું કે ફેસબુક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો હટાવવા બદલ મેટાના વડા માર્ક ઝુકરબર્ગે વ્યક્તિગત રીતે માફી માગવી જોઈએ, જ્યારે અન્ય કેટલાક સભ્યોએ જવાબદારી નક્કી કરીને કાનૂની કાર્યવાહીની માંગ કરી હતી.

જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, સમિતિમાં રહેલા વિપક્ષી સાંસદોએ કહ્યું કે સોશિયલ મીડિયા પર અસંમતિ દર્શાવવાની જગ્યા હોવી જરૂરી છે અને સરકાર વિરોધી સામગ્રીને દેશવિરોધી ન ગણવી જોઈએ. તેમણે (મેટાએ) પોતે સ્વીકાર્યું છે કે વીડિયો પાંચ કલાક સુધી હટાવી દેવામાં આવ્યો હતો – રાત્રે 12:30 થી સવારે 5:00 વાગ્યા સુધી ગાયબ હતો. આ ખૂબ જ ગંભીર બાબત છે અને ઝુકરબર્ગ તરફથી માફી આવવી જ જોઈએ," સંસદીય સમિતિની ત્રણ કલાકથી વધુ સમય ચાલેલી બેઠક બાદ દુબેએ જણાવ્યું હતું, જેમાં સાંસદોએ મેટાના પ્રતિનિધિઓની પૂછપરછ કરી હતી. અને જો ઝુકરબર્ગ માફી નહીં માંગે, તો સેક્શન 79 હેઠળ તેમને મળતું

...અનુસંધાન પાના 13 પર

## તા. ૦૩-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૨.૦ મીમી | મોસમનો ૧૭૭૨ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૩.૩૭ ફૂટ | આઉટફ્લો ૧૧૯૯૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૫ સે. | ૨૫.૬ સે. | ૮૩% |

# અમેરિકામાં મારું શિક્ષણ સ્કોલરશીપ, શિક્ષણ લોન વડે શક્ય બન્યું : દીક્ષે

**પોતાના** શિક્ષણના ફંડીંગ અંગે થયેલી RTI બાબતે દીક્ષેએ કહ્યું કે જેમણે તપાસ કરાવવી હોય તે કરાવી શકે છે

**CJPનું** આંદોલન બાંગ્લાદેશ કે નેપાળના આંદોલનથી પ્રેરિત નહોતું: અભિજીત દીક્ષે

**છત્રપતિ સંભાજીનગર, તા. 3 (PTI):** NEET પેપર લીક મુદ્દે ભારે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર 'કોકરોચ જનતા પાર્ટી'(CJP)



ના સંસ્થાપક અભિજીત દીક્ષે હવે પોતાના વિદેશ અભ્યાસના નાણાને લઈને નિશાના પર આવી ગયા છે. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું

...અનુસંધાન પાના 15 પર

### જો મોદી પોતાની ડીગ્રી બતાવે તો હું મારો સ્કોલરશીપ લેટર બતાવું : દીક્ષે

**છત્રપતિ સંભાજીનગર:** કોકરોચ જનતા પાર્ટી(CJP) ના સ્થાપક અભિજીત દીક્ષેએ સોમવારે જણાવ્યું હતું કે, જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ડિગ્રી જાહેર કરે તો તેઓ તેમના અમેરિકા શિક્ષણ માટેના શિષ્યવૃત્તિ અને લોન મંજૂરીના પત્રો દર્શાવવા તૈયાર છે.

...અનુસંધાન પાના 15 પર

# ઈરાન ડીલ કરે અથવા શરણાગતિ સ્વીકારે : ટ્રમ્પ

**ટ્રમ્પે** ઈરાન પર વાટાઘાટો સંબંધે વિરોધાભાષી સંદેશા મોકલવાનો આરોપ મૂક્યો

**હોર્મુઝ** સ્ટ્રેટ પર ઇરાનનો દાવો ખોટો, અમેરિકા જ નિયંત્રણ ધરાવતું હોવાનો ટ્રમ્પનો દાવો

**ટ્રમ્પે** કહ્યું, ઇરાની નેતાઓ ખાનગીમાં વાટાઘાટની ભીખ માગે છે અને જાહેરમાં નકારે છે

**વોશિંગ્ટન, તા. 03 :** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે સોમવારે ઈરાનના નેતૃત્વ પર નવો હુમલો કરીને, તેના પર વાટાઘાટો પર વિરોધાભાસી સંદેશા મોકલવાનો આરોપ લગાવ્યો હતો અને સાથે જ તેમણે એ પુનરાવર્તન કર્યું કે તેહરાનને ક્યારેય પરમાણુ હથિયાર વિકસાવવા દેવામાં આવશે નહીં. એક નિવેદનમાં, ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાની નેતાઓ ખાનગી રીતે વાતચીત કરવા માંગતા હતા, જ્યારે જાહેરમાં કોઈ ચર્ચા થઈ રહી હોવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે ઈરાની નેતૃત્વ અવિશ્વસનીય રીતે બેવડું છે! તેઓ મીટિંગ માટે

...અનુસંધાન પાના 13 પર

### અમેરિકાની મંજૂરી વિના ઇરાનમાં કંઇ જશે નહીં કે બહાર નીકળશે નહીં : ટ્રમ્પ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી કોઈ કરાર ન થાય ત્યાં સુધી કોઈ પણ માલ અમેરિકાની મંજૂરી વિના ઈરાનમાં પ્રવેશ કરશે નહીં કે બહાર જશે નહીં. "ઈરાન સુધી કંઈ જ પહોંચતું નથી, સિવાય કે આપણે ઈચ્છીએ, અને જ્યાં સુધી કોઈ ડીલ અથવા સંપૂર્ણ શરણાગતિ પૂર્ણ ન થાય ત્યાં સુધી કંઈ જ પહોંચશે નહીં.

### ઈરાનની ઓમાન સાથે શિપિંગ અંગે વાટાઘાટો, અમેરિકા સાથે વાટાઘાટો મુલતવી

તેહરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોમવારે જણાવ્યું હતું કે, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા એક નવો અસ્થાયી માર્ગ બનાવવા અંગે ઓમાન સાથે ચર્ચા કરી રહ્યું છે જે વાણિજ્યિક શિપિંગ ફરી શરૂ કરી શકશે, પરંતુ તે હજુ સુધી અમેરિકા સાથે વાટાઘાટો ફરી શરૂ કરી રહ્યું નથી. ઇસ્માઇલ બાઘાઇ ડોનાલ્ડ

...અનુસંધાન પાના 13 પર

### હુથીની ધમકી બાદ છ સાઉદી સુપર ટેન્કરોએ પોતાનો રસ્તો બદલી નાંખ્યો

યમનના હુથી બળવાખોરોની ધમકીઓને પગલે છ સાઉદી અરેબિયાના સુપરટેન્કરોએ તેમના દરિયાઇ માર્ગો બદલી નાખ્યા છે. શિપ-ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે ટેન્કરો હવે લાલ સમુદ્રમાંથી પસાર થવાને બદલે દક્ષિણ આફ્રિકાની આસપાસ લાંબો રસ્તો અપનાવી રહ્યા છે. આ બધા સાઉદી ધ્વજવાળા સુપરટેન્કર એશિયામાં તેલ ઉતાર્યા પછી ખાલી હતા.